

# સોશ્યલ ઓન્ત્રપ્રિનિયરશીપ: સામાજિક બદલાવ સાથે નફો

માઇન્ડ યોર બિઝનેસ
★ ડૉ. રિદ્ધીશ જોશી

સોશ્યલ ઓન્ત્રપ્રિનિયરશીપ કે જેને સરળ ભાષામાં આપણે સામાજિક ઉદ્યોગસાહસિકતા કહી શકીએ એ એક એવો વિચાર છે જેમાં વ્યક્તિ અથવા સમૂહ કોઈ એવી પ્રક્રિયા અથવા વ્યવસાય શરૂ કરે છે જેનો પ્રાથમિક ઉદ્દેશ નફો નહીં પરંતુ સમાજને ઉપયોગી થાય અથવા સામાજિક પરિવર્તન લાવે એવો બિઝનેસ કરવાનો હોય છે. સામાન્ય રીતે સ્ટાર્ટઅપ્સનો મુખ્ય ઉદ્દેશ નફો કમાવવો હોય છે, જ્યારે સામાજિક ઉદ્યોગસાહસિકતાનો મુખ્ય હેતુ હોય છે લોકોની જીવનશૈલીમાં સુધારો, સમુદાય કે પર્યાવરણ પર સકારાત્મક અસર અને આવક-સમાનતા લાવવી. આવા સ્ટાર્ટઅપ્સ સામાન્ય રીતે સમાજ માટે, ખાસ કરીને બિનસરકારી રીતે, કંઈક ઉકેલ લાવવા માંગતા હોય છે, પર્યાવરણ, લોકો અને અર્થવ્યવસ્થાને મહત્ત્વ આપતા હોય છે, લાંબા સમય સુધીના પ્રભાવશાળી ઉકેલ આપવા માંગે છે, લોકો અને સમાજના હિતનો ઉકેલ લાવવા માંગે છે. સોશ્યલ ઓન્ત્રપ્રિનિયરશીપ પ્રેરિત સ્ટાર્ટઅપ્સનું બિઝનેસ મોડેલ વ્યાવસાયિક હોય છે પણ હૃદયમાં સામાજિક લાભ અને કંઈક ભલું કરવાની ભાવના વધુ હોય છે.

## ભારતમાં કાર્યરત કેટલાંક સામાજિક સ્ટાર્ટઅપ્સ

અહીં આપણે કેટલાંક એવાં સ્ટાર્ટઅપ્સની વાત કરીશું જે ભારતના સામાજિક પડકારોને ઉકેલવા માટે કામ કરે છે. આ સ્ટાર્ટઅપ્સે માત્ર બિઝનેસ નહીં પરંતુ રાજ્ય અને દેશની પ્રગતિમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

## ગૂંજ

'ગૂંજ' એ ભારતનું ખૂબ જ પ્રતિષ્ઠિત સામાજિક સ્ટાર્ટઅપ છે. જેનો મુખ્ય ઉદ્દેશ છે શહેર અને ગામડાં વચ્ચેની અસમાનતા ઘટાડવી અને જરૂરિયાતમંદ લોકો સુધી સન્માનપૂર્વક મદદ પહોંચાડવી. 'ગૂંજ'ની સ્થાપના એ વિચાર સાથે કરવામાં આવી હતી કે ગરીબી માત્ર પૈસાની કમી નથી પરંતુ સ્રોતો સુધીની પહોંચનો અભાવ છે. આ સંસ્થા સમાજમાં રહેલા અવ્યવસ્થિત સંસાધનોને યોગ્ય રીતે વાપરીને સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવે છે. 'ગૂંજ'નું સૌથી જાણીતું કાર્ય છે શહેરોમાંથી ઉપયોગમાં ન આવતાં કપડાં અને ઘરગથ્થુ વસ્તુઓ એકત્ર કરીને તેને ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં પહોંચાડવી પરંતુ આ પ્રક્રિયા માત્ર દાન સુધી સીમિત નથી. 'ગૂંજ' 'દાન'ની જગ્યાએ 'માન સાથે વિનિમય'ના સિદ્ધાંત પર કામ કરે છે એટલે કે ગામના લોકો વિકાસ કાર્ય કરે જેમ કે રસ્તા સુધારણા, તળાવ સફાઈ, શાળા મરામત વગેરે તો તેના બદલામાં તેમને જરૂરી સામગ્રી આપવામાં આવે છે. આથી લોકોમાં આત્મગૌરવ જળવાઈ રહે છે. 'ગૂંજ' દ્વારા માત્ર કપડાં નહીં પણ શિક્ષણ, સ્વચ્છતા અને આરોગ્ય જેવી વિભિન્ન સામાજિક સમસ્યાઓ માટે પ્રોજેક્ટ પણ ચલાવવામાં આવે છે.

## હેલ્પ અસ ગ્રીન

'હેલ્પ અસ ગ્રીન' એ એક એવું સામાજિક એન્ટરપ્રાઈઝ છે જેનું મુખ્ય કાર્ય છે મંદિરો અને ધાર્મિક સ્થળોથી નીકળતાં ફૂલોને એકત્ર કરીને તેને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવું. સામાન્ય રીતે આ ફૂલો નદીઓ, ખાસ કરીને ગંગા જેવી પવિત્ર નદીઓમાં ફેંકાઈ જતાં હોવાથી પ્રદૂષણ વધારે છે. પરંતુ 'હેલ્પ અસ ગ્રીન' આ ફૂલોને રિસાઈકલ કરીને ધૂપ, અગરબત્તી, સુગંધિત વસ્તુઓ અને અન્ય કુદરતી ઉત્પાદનો બનાવે છે. આ પ્રક્રિયા દ્વારા નદી પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળે છે અને સાથે-સાથે ગ્રામ્ય તથા શહેરી પછાત વિસ્તારોની મહિલાઓને તાલીમ અને રોજગારી આપવામાં આવે છે. આ રીતે હેલ્પ અસ ગ્રીન પર્યાવરણ સંરક્ષણ, મહિલાઓનું સશક્તિકરણ અને સેલ્ફ-સસ્ટેનેબલ બિઝનેસ મોડેલ, એ ત્રણેયને એક સાથે જોડતું અસરકારક સામાજિક સ્ટાર્ટઅપ છે.

## ડૉનેટકાર્ટ

'ડૉનેટકાર્ટ' એક અસરકારક સામાજિક સ્ટાર્ટઅપ છે જે દાન કરવાની પ્રક્રિયાને સરળ, પારદર્શક અને વિશ્વસનીય બનાવે છે. પરંપરાગત રીતે દાનમાં લોકો પૈસા આપે છે પરંતુ 'ડૉનેટકાર્ટ'માં દાતા સીધા જ જરૂરી વસ્તુઓ જેમ કે અનાજ, કપડાં, દવાઓ, શૈક્ષણિક સામગ્રી અથવા સ્વચ્છતા સંબંધિત વસ્તુઓ દાન કરે છે. આ પ્લેટફોર્મ વિવિધ એનજીઓ અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલું છે, જે પોતાની વાસ્તવિક જરૂરિયાતો 'ડૉનેટકાર્ટ' પર દર્શાવે છે. દાતાને સ્પષ્ટ રીતે ખબર પડે છે કે તેમની મદદ ક્યાં અને કેવી રીતે ઉપયોગમાં લેવાઈ રહી છે, જેના કારણે વિશ્વાસ વધે છે. 'ડૉનેટકાર્ટ' દાન એકત્ર કરવાથી લઈને તે વસ્તુઓ યોગ્ય લાભાર્થી સુધી પહોંચે તેની સમગ્ર વ્યવસ્થા સંભાળે છે, જેથી સામાજિક મદદ વધુ અસરકારક અને અર્થપૂર્ણ બને છે.

## ગાથા

'ગાથા' એક સામાજિક ઉદ્યોગસાહસિક સ્ટાર્ટઅપ છે જે ભારતની પરંપરાગત હસ્તકલા અને કારીગર સમુદાયને ટકાવી રાખવાનો મહત્ત્વપૂર્ણ પ્રયાસ કરે છે. આ પ્લેટફોર્મ હસ્તકલા સાથે જોડાયેલા કારીગરોને સીધા બજાર સાથે જોડે છે, જેથી તેમની કળા અને મહેનતને યોગ્ય ઓળખ અને ન્યાયસંગત આવક મળે. 'ગાથા' માત્ર હસ્તકલા ઉત્પાદનો વેચતું નથી પરંતુ દરેક કળા, ડિઝાઈન અને કારીગરની પાછળની વાર્તા પણ રજૂ કરે છે, જેના કારણે ગ્રાહકોને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની સાચી સમજ મળે છે. આ સ્ટાર્ટઅપ ખાસ કરીને ગુજરાત અને અન્ય રાજ્યોના કારીગરો સાથે કામ કરીને રોજગારી સર્જન, પરંપરાગત કળાનો સંરક્ષણ અને સેલ્ફ-સસ્ટેનેબલ બિઝનેસ મોડેલને પ્રોત્સાહન આપે છે, જે તેને એક અસરકારક સામાજિક ઉદ્યોગસાહસિક પહેલ બનાવે છે.

**ભારતમાં સામાજિક ઉદ્યોગસાહસિકતા એક શક્તિશાળી પરિવર્તનકારી માધ્યમ તરીકે ઊભરી આવ્યું છે, જે ગરીબી, અસમાનતા, આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ અને રોજગારી જેવી મૂળભૂત સમસ્યાઓના વ્યાવસાયિક અને લાંબાગાળાના ઉકેલ આપે છે. આ સ્ટાર્ટઅપ્સ દર્શાવે છે કે નફા સાથે સામાજિક હિત પણ શક્ય છે**

## ખુશી બેબી

'ખુશી બેબી' એક સામાજિક ઉદ્યોગસાહસિક સંસ્થા છે જે ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ અસરકારક અને વ્યવસ્થિત બનાવવાનો પ્રયાસ કરે છે. આ સંસ્થા ટેક્નોલોજી આધારિત ડિજિટલ હેલ્થ સોલ્યુશન્સ દ્વારા માતા-બાળકના આરોગ્ય, રસીકરણ અને આરોગ્ય રેકોર્ડને સરળ રીતે ટ્રેક કરે છે. 'ખુશી બેબી' ખાસ કરીને ત્યાં કાર્ય કરે છે જ્યાં કાગળ આધારિત રેકોર્ડ ગુમ થઈ જાય છે અથવા યોગ્ય રીતે જળવાતા નથી. આ જ કારણથી તેઓ ડિજિટલ આઈડી અને મોબાઈલ આધારિત સિસ્ટમ દ્વારા આરોગ્ય માહિતી સુરક્ષિત રાખે છે. આ પહેલ આરોગ્ય કર્મચારીઓને યોગ્ય સમયે યોગ્ય સારવાર આપવાની સગવડ આપે છે અને સમુદાયના આરોગ્ય સ્તરમાં લાંબા ગાળાનો સુધારો લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેઓ આ ડિજિટલ રેકોર્ડને સારી રીતે સાચવવા માટે તેને નેકલેસ કે એવી અન્ય પહેરી શકાય એવી વસ્તુઓમાં બનાવીને આપે છે.



## સેલ્કો ઇન્ડિયા

'સેલ્કો ઈન્ડિયા' એક પ્રખ્યાત સામાજિક ઉદ્યોગસાહસિક સંસ્થા છે જેનો મુખ્ય ઉદ્દેશ છે ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં રહેતાં લોકોને સસ્તા અને વિશ્વસનીય સોલાર ઊર્જા ઉકેલો પૂરા પાડવા. 'સેલ્કો ઈન્ડિયા' એવાં પરિવારો, શાળાઓ, આરોગ્યકેન્દ્રો અને નાના વ્યવસાયોને સોલાર લાઈટિંગ અને ઊર્જા સિસ્ટમ્સ આપે છે જ્યાં પરંપરાગત વીજળી ઉપલબ્ધ નથી અથવા અનિયમિત છે. આ સંસ્થા માત્ર સોલાર સાધનો વેચતી નથી પરંતુ તેની સાથે ફાઈનાન્સિંગ, સ્થાપન અને જાળવણી જેવી સેવાઓ પણ આપે છે, જેથી ગરીબ વર્ગ માટે ટેક્નોલોજી સરળ અને ઉપયોગી બને. આ રીતે 'સેલ્કો ઈન્ડિયા' ઊર્જા ઉપલબ્ધિ વધારવા સાથે શિક્ષણ, આરોગ્ય અને રોજગારીમાં સુધારો લાવી સામાજિક અને પર્યાવરણલક્ષી પરિવર્તન સર્જે છે.

## રંગ દે

'રંગ દે' એ એક ક્રાઉડ-લોન પ્લેટફોર્મ છે જે શ્રમજીવી અને નાના ઉદારકર્તાઓને માઈક્રોફાઈનાન્સ દ્વારા સમર્થન આપે છે. તેનો હેતુ ગરીબ અને ઓછી આવક ધરાવતાં લોકોને સસ્તી અને સરળ લોન ઉપલબ્ધ કરાવવાનો છે. 'રંગ દે' ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા દાતાઓ અને રોકાણકારોને નાના ઉદ્યોગકારો, સ્વરોજગારી કરનારાઓ અને ગ્રામ્ય પરિવારો સાથે જોડે છે, જેથી તેઓ પોતાના વ્યવસાય, શિક્ષણ અથવા જીવન જરૂરિયાતો માટે માઈક્રો લોન મેળવી શકે. આ લોન પર વ્યાજ દર ઓછો રાખવામાં આવે છે અને પ્રક્રિયા સરળ હોય છે, જેથી લોકો વ્યાજખોરોથી બચી શકે. 'રંગ દે' આ રીતે આર્થિક સમાવેશ વધારીને લોકોના આત્મનિર્ભર જીવન અને વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

## બેરફૂટ કોલેજ

'બેરફૂટ કોલેજ' એક અનોખી સામાજિક સંસ્થા છે જેનો મુખ્ય ઉદ્દેશ છે ગ્રામ્ય વિસ્તારોના લોકો, ખાસ કરીને મહિલાઓને, સ્વાવલંબન તરફ દોરવાં. આ સંસ્થા અશિક્ષિત અથવા ઓછું શિક્ષણ ધરાવતાં ગ્રામ્ય લોકોને સોલાર એનર્જી, પાણી વ્યવસ્થાપન, આરોગ્ય અને શિક્ષણ જેવાં ક્ષેત્રોમાં પ્રાયોગિક તાલીમ આપે છે. 'બેરફૂટ' કોલેજનું સૌથી વિશિષ્ટ કાર્ય એ છે કે તે ગ્રામ્ય મહિલાઓને 'સોલાર એન્જિનિયર' તરીકે તાલીમ આપે છે, જેથી તેઓ પોતાના ગામમાં જ સોલાર લાઈટિંગ સિસ્ટમ સ્થાપિત અને જાળવી શકે. આ રીતે સંસ્થા ટેક્નોલોજી, શિક્ષણ અને સમુદાય વિકાસને જોડીને સસ્ટેનેબલ અને સન્માનજનક જીવનની તક ઊભી કરે છે.

ભારતમાં સામાજિક ઉદ્યોગસાહસિકતા એક શક્તિશાળી પરિવર્તનકારી માધ્યમ તરીકે ઊભરી આવ્યું છે, જે ગરીબી, અસમાનતા, આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ અને રોજગારી જેવી મૂળભૂત સમસ્યાઓના વ્યાવસાયિક અને લાંબાગાળાના ઉકેલ આપે છે. આ સ્ટાર્ટઅપ્સ દર્શાવે છે કે નફા સાથે સામાજિક હિત પણ શક્ય છે. ભારતીય સંદર્ભમાં, જ્યાં વસતી વિશાળ છે અને પડકારો વિવિધ છે, ત્યાં આવા સામાજિક સ્ટાર્ટઅપ્સ માત્ર સરકારની યોજનાઓને પૂરક નથી પરંતુ સમુદાયને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભવિષ્યમાં જો નીતિ સહકાર, ટેક્નોલોજી અને યુવાનોની નવીન વિચારશક્તિને યોગ્ય માર્ગદર્શન મળે તો સામાજિક ઉદ્યોગસાહસિકતા ભારતના સર્વાંગી વિકાસનો મજબૂત આધારસ્તંભ બની શકે છે.●